२८४० २८४२७ (०।८)

કાકા ભત્રીજાની વારતા

યાને

એક રમુજી શખસ

દરેક સ્ત્રી પુરૂષને વાંચવા લાયક

દોહરો

વાંચો વાત પ્રીતે કરી, કહું બેઊ કર જોડ,
રસીલી છે વારતા, તે પુરણ કરશે કોડ;
ભત્રીજો કાકો વળી, બાળે પોતાનું તંન,
છોટંમ કહે વાંચી જુઓ, ખુશી થાય જે મન.

છપાવી પ્રસિદ્ધ કરનાર

છોટાલાલ વરજદાસ

મુંબઈ

"પારસી પ્રીન્ટીંગ" પ્રેસ

કીંમત અરધો આનો

સામટી લેનારને કમીશનથી મળશે.

કાકા ભત્રીજાની વારતા.

અમનગર ગામનો અંબાશંકર નામનો એક બુઢો બ્રાહ્મણ ડાકોર પાસે મહાદેવનાં દરશન કરવા ગયો અને પોતે વિદવાન હતો તેથી ત્યાં ભાગવતની કથા વાંચવામાં બહુ દીન કાઢયા.

હવે અંબાશંકર ને પોતાને ગામથી ગયાને ઘણા દીવસ થયા જાણીને, છગન નામે તેનો ભત્રીજો અમનગરથી ડાકોર પોતાના કાકાને તેડવા આવ્યો. કાકો ભત્રીજો ઘેર જવાને તૈયાર થયા. તેમને વિદાયગીરી આપીને ગામના ઘણા લોકો, ભાગોળ સુધી વળાવા ગયા. રસ્તામાં જતાં સમુદ્રા ગામ આવ્યું ત્યાં બે જણે રાત વાસો કરયો ને સવારમાં ઉઠી ઉના પાણીના કુંડમાં નાહી ધોઇને કપાળમાં ગોપીચંદનનાં ... ચાં ખેંચી ગોમુખીમાં હાથ નાંખી હલાવવા બેઠા એવામાં

તે ગામનો અંબુ પટેલ ત્યાં આવ્યો ને બોલ્યો જે—"અલ્યા આ ઉઘાડાં બેંમણ્ કયમ બેઠાં છે." ભત્રીજાએ વિચાર્યું જે આ પટેલ કોઇ મુર્ખ દખાયછે. એમ ધારીને બોલ્યો જે—"કાકા કાકા, આ પટેલને એમની વધામણી કહોને." આ-વું સાંભળી પુરાણી કાકો બોલ્યા—"હા અલ્યા ખરી વાત એતો બધું ભુલમાંજ ગયું'તું. અરે પટેલ અમે વીરપુર ગયા ત્યારે તમારે ઘેર પણ ગયા હતા. ત્યાં પુછયું પટલાણી; બાપા ક્યાં છે ? પટલાંણીએ કહ્યુ કે, બાપાતો બે તેણ વરસ થયાં કુને માલમ ક્યાંએ ગ્યાસે. પણ જો તમને ક્યોંઇ મળે તો મારા માંટીને કહેજો કે એક મઇનો થયો તમારી બઇરીને દીકરો અવતર્યોસે, ને તમે ઓંયથી ઓંય ને ઓંયથી ઓંય એમ ભટક્યા કરોસો ? માટે હવે ઘેર જાઓ કેમ જે અમને પણ તમારે ઘેરથી નીકળ્યાને દશ બાર દિવસ થયા." આ-વી રીતે પોતાની લાંબી ગેરહાજરીમાં દીકરો અવતર્યાની ખબર સાંભળીને અંબુ પટેલતો ખુશી ખુશી થઇ ગયો, ને વાણીઆને ત્યાં પોતાની પાઘડી તથા લોટો વેચીને પેલા બે પોતાના પરોણાને જમવા સારૂ શીધું અપાવ્યું. પછી તેની રસોઇ કરવા પુરાણી બેઠા ને પટેલ પણ જંબાની આશાએ ત્યાં બેઠો. આ જોઇ પુરાણીનો ભત્રીજો વિચાર કરવા લાગ્યો કે આ પટેલ રાંડનો મુળમાં શીધુતો થોડું લાવ્યો છે ને અમે

બે જાણ તો ભુખ્યા ડાંસ છઇએ, તેમાં વળી અધુરામાં પુરો એ હાજરી ભરવાની આશાએ ચોંટયો છે. માટે કંઇ એવી હીકમત કરવી જોઇએ કે જેથી એ પટેલ અહીંથી ઉભી પુછડીએ નાસે. એમ ધારીને ઝટ બોલ્યો કે—"કાકા કાકા, આ પટેલને આપણે પેલું તો કેહેવાનું ભુલી ગયા." એમ કહી આંખ્યનો ઇનસારો કર્યો કે પુરાણી કાકો ચેત્યા ને બોલ્યા— "હા હા અલ્યા ખરીવાત જો. "પછી પટેલને કહ્યું કે "બાપા બાપા, તમારે ઘેર છોકરો અવતર્યો તે તો તમને કહ્યું, પણ જ્યારે અમે તમારે ઘેરથી નિકળ્યા તેજ દહાડે તમારૂં બઇરૂં રંડાયું." આવું સાંભળી અંબુ પટેલ બોલ્યો કે, હેં હેં !! ત્યારે પુરાણી બોલ્યો કે "હેં હેં શું. આજ બાર દહાડા થયા તમારી બાયડી રાંડી." આવું સાંભળી પટેલ ઝટ ત્યાંથી ઉઠીને લાંબે સાદ હાય હાયરે—ઓ મારા બાપરે— એવી રીતે પોક મુકતો વીરપુર તરફ ચાલ્યો, અને રસ્તામાં એક ગામ આવ્યું ત્યાં પોતાની એક રાંડેલી બેહેન રેહેતી હતી તેને ઘેર રડતો ગયો. તે સાંભળી તેની રાંડેલી બેહેન પુછવા લાગી કે "ભઇ તમે પરગામ ગયેલા ઘણે દહાડે આવ્યા, ને આટલું બધું રડોછો શા માટે તે તો કહો !" ત્યારે અંબુ પટેલ બોલ્યો કે "બુન હું શું કું, મારૂં કપાળ !! મારે ઘેર મારી વહુ રાંડી" આવું સાંભળી તેની બેહેન બોલી

કે "બળ્યું ! ભર્ગ આવું ગાંડું ગાંડુ ચ્યમ બોલો સો ! તમે બેઠાસો ને તમારી વઉ તે સેમ રાંડે ! " ત્યારે અંબુ બોલ્યો કે "બુન તું કેહેસે તે ખરૂં પણ મારે ઘેરથી બેંમણ ખબર લાવ્યા તે હુ ખોટી ? ને તે બેંમણ નજરે જોઇને આવ્યા હતા તે હુ ખોટું ને તું તો કેહેસે કે તમારે બેઠ તમારી વઉ ચ્યમ રાંડે પણ બુંન તુંજ બીચાર કરને કે જ્યારે મારે છ-તે તું રાંડી ત્યારે તે ચ્યમ ના રાંડે શું તેણી બીચારીએ કાંઇ ઘનેઘારી કરીસે કે મારે બેઠે તું રાંડી ને તે ના રાંડે ! આવું સાંભળીને તેની બેહેને મારા પીટયા, મારા રોયા, વીગેરે બે ચાર ગાળો દઇને અંબુપટેલને કહાડી મુકયો; ને ત્યાંથી કાગડાનું શ્રાધ જમવા ગયો.

હવે પેલા પુરાણીએ તથા તેના ભત્રીજાએ અંબુપટેલને રસ્તે લગાડીને રસોઇમાં પાંચ લાડુ બનાવ્યા હતા. કાકાએ વીચાર્યું કે ત્રણ લાડુતો મારે ખાવા ને બે લાડુ આ ભત્રીજાને ખાવા આપવા. ભત્રીજાએ પણ પોતાના મનમાં એવોજ વિચાર કરયો હતો કે કાકાને બે લાડુ આપવા, ને ત્રણ મારે ખાવા. પછી કાકો બોલ્યો કે "અલ્યા છગન, જો આ પાંચ લાડુ થયા છે. તેમાંથી બે તું લે, ને ત્રણ મને આપ." ત્યારે ભત્રીજો બોલ્યો કે "ના કાકા, ત્રણ હું લઊં, ને બે તમને આપું." આવી રીતે રકજક કરતાં કાકો ભત્રીજો બે વઢી પડ્યા.

તેથી લાડુ લાડુને ઠેકાણે રહયા, ને કાકા ભત્રીજાએ ખાસડે દાળ વેંહચી. એટલે તે જગોએ લોકો એકઠાં થયાં, તેમણે કહ્યું કે, અલ્યા તમે લડશો નહીં, ને સામાસામી બોલશો પણ નહી. જે મોડામાંથી બોલે નહીં તે ત્રણ લાડુ ખાય, ને જે "બોલે તે બે ખાય." પછી એ બે કાકો ભત્રીજો ત્રણ લાડુ ખાવાની આશાએ મુગે મોહડે બેશી રહ્યા. તે આખો દિવસ વીતી ગયો, ને રાત પણ એજ રીતે ગઇ. બીજે દીવસે પણ મમતને લીધે બે માંથી એક બોલ્યો નહીં. ને ભુખના દુઃખથી એ જણા લાંબા થઇને સુતા. તે એવી રીતે કે, હાથ પગને આંખો જરા પણ હાલે નહીં. જાણે મરી ગયા હોય એવા પડયા હતા. એવા અવસરમાં રસ્તે જતાં બીજા કોઇ પાંચ બ્રાહ્મણ ત્યાં આવી ચહડયા; તેમણે જાણ્યું કે આ બીચારા બે બ્રાહ્મણ મરી ગયાછે, માટે તેમને મશાણમાં લઇ જઇને અગ્નીદાગ દઇએ તો મોટું પુન્ય થાય. પછી તેમની બનાવેલી રસોઇ તથા તેમનો સામાન એકાંતમાં ઢાંકીને પછી વાંસડા વગેરે સામાન લાવી, તે બે જણાઓની ઠાઠડીઓ બાંધી અને પાંચે જણ જબરા હીમતવાન થઇને મસાણમાં લઇ ગયા અને ત્યાં છાંણા મંગાવીને ચિતાઓ ખડકી તેમાં બે જણને સુવાડયા. આટલું બધું થયું તો પણ ત્રણ લાડુ ખાવાના લાલચુ જરાપણ બોલ્યા નહીં. પછી અગ્નિ મુકીને

તો પણ બોલ્યા નહીં, અને છાણા સળગી ઉઠયાં તો પણ હીલ્યા નહીં. છેવટે જરાજરા દાઝયા, તોએ બોલ્યા નહીં એમ કરતાં છાણાં ભરભડ ભરભડ સળગવા લાગ્યાં, ત્યારે પે લો ભત્રીજો વીચાર કરવા લાગ્યો કે હાય હાય !! આતો સ ળગ્યું. લાકુનો રહ્યા લરબડતા, ને વચમાં લાગી લાય; તેથી ભુખ્ખાને ભુખ્યા જરૂર બળી જઇશું; અને આ રાંડનો પુરાણી કાકો તો ખાઇ પી બેઠો છે, અને હવે એને તો કાહાડયાં એ ટલાં કાહાડવાં નથી. માટે એ રાંડનો બળી જવાની બીક શા ખતો નથી ને બોલનાર પણ નથી, અને હું તો હજુ હમણાંજ પરણ્યો છું, માટે બઇરીની સાથે સંસારની બે સુખ દુઃખની વાતો પણ હજુ સુધી કરી નથી ને લીલા પીળાં પણ કંઇ જો યાં નથી, માટે મારેતો અજુ જીવ્યાની ઉમેદ ઘણીછે, એમ ધારીને ઝટ બોલ્યો કે—**"ઉઠ કાકા ત્રણ તારા, ને બે મારા."** આવા શબ્દ સાંભળતાં વારજ પેલા બાળવા આ વેલા પાંચે જણા એવું સમજયા કે, આ મુરદાંતો ભુત થઇને આપણને પાંચે જણને વેંહેચી લીધા જો ! ! ! અને હમ ણાં ઉઠીને ખાઇ જશે માટે નાસો મારા બાપ ! ! એમ કહી મુઠીઓ વાળી ને પાંચે જણા નાઠા તે એવી રીતે કે, પડતા જાય, ઉઠતા જાય, ને દોડતા જાય.

હવે પેલા કાકો ભત્રીજો અગ્નીની ચિતામાંથી ઉઠયા તે

મણે જાણ્યું કે આપણે જે લાડુ વહેંચી લેવાનું કહ્યું તે લેવાં આ રાંડના પાંચે જણ દોડયાં ને એ પાંચે જણા એક એક લાડુ ખાઇ જશે ત્યારે આપણે શું ખાઇશું ધુળ ? એમ ધારી ને એ બે જણા પણ પેલા પાંચેની પાછળ દોડયા. આવી રીતે દોડતા જોઇને પેલા પાંચે જણાને તો નક્કી ખાતરી થઇ કે આ પાછળ દોડતા આવેછે તે ભુત આપણને ખાધા વગર રેહેનારજ નથી: આપણા ક્યાં ભોગ લાગ્યા કે એ રાંડના ભુતને બાળવા ગયા. એમ કહી જેનાથી જેમ નસાય તેમ નાસીને ખુણે ખાંચરે સંતાઇ ગયા અને પેલા બે કાકો ભત્રીજો પોતાના કરાર પ્રમાણે લાડુ ખાઇને પોતાને ઘેર જઇ બેઠા.

સમાપ્ત.